શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂઢ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||

નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા

સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
➡ DTRT ➡ ઉપનાહ સ્વેદન ➡ લેપન ➡ વેધાગ્નિકર્મ ➡ પંચકર્મ
➡ EKLપંચકર્મ ➡ પટ્ટબંધન ➡ અગ્નિકર્મ ➡ ક્ષારકર્મ ➡ વેધનકર્મ (વિધ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો

સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ અગિયારસ બુધવાર ૧૩ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૦

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦


# NEET 2026 પરીક્ષા રદ, ફરી લેવાશે

**૨૩** લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ફરી અદ્ધરતાલ!

**પેપર** લીક થઇ ગયું હોવાની જાણ થતા લેવાયેલો નિર્ણય

**નવેસરથી** પરીક્ષા લેવાશે, તારીખો દસેક દિવસમાં જાહેર કરાશે

**પરીક્ષાર્થીઓએ** નવેસરથી નોંધણી કરાવવાની જરૂર નથી, અગાઉના કેન્દ્રો પર જ પરીક્ષા લેવાશે

**સીબીઆઇને** તપાસ સોંપાઇ, વહીવટી બિનકાર્યક્ષમતાનો નમૂનો" - વિપક્ષી નેતાઓએ સરકારને ઝાટકી

નવી દિલ્હી, તા. 12(PTI) નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પેપર લીકના આક્ષેપો વચ્ચે 3 મેના રોજ લેવાયેલી NEET(UG) 2026ની પરીક્ષા મંગળવારે રદ જાહેર કરી દીધી છે, અને સરકારે આ અનિયમિતતાઓની વ્યાપક તપાસ કરવા માટે CBIને જણાવ્યું છે. મેડિકલ કોલેજોમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા હવે નવેસરથી લેવામાં આવશે, જેની તારીખો અલગથી જાહેર કરવામાં આવશે.

X પરના એક નિવેદનમાં, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ જણાવ્યું હતું કે આ નિર્ણય પારદર્શિતા જાળવવા અને રાષ્ટ્રીય પરીક્ષા પ્રણાલીમાં વિશ્વાસ ટકાવી રાખવાના હિતમાં લેવામાં આવ્યો છે. એજન્સીએ કહ્યું, કેન્દ્રીય એજન્સીઓના સંકલનમાં NTA દ્વારા બાદમાં તપાસવામાં આવેલા ઈનપુટ્સ અને કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા શેર કરાયેલા તપાસના તારણોના આધારે, નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ભારત સરકારની મંજૂરી સાથે 3 મે 2026 ના રોજ લેવાયેલી NEET (UG) 2026

...અનુસંધાન પાના 8 પર

## NEET પરીક્ષાનો વિવાદિત ઈતિહાસ

**ક્યારે** ક્યારે લાગ્યા પેપર લીકના ડાઘ?

મેડિકલ પ્રવેશ પરીક્ષા (NEET) છેલ્લા કેટલાક વર્ષોથી સતત વિવાદોમાં રહી છે. 'સોલ્વર ગેંગ' થી લઈને 'પેપર લીક' સુધીની ઘટનાઓએ આ પ્રતિષ્ઠિત પરીક્ષાની વિશ્વસનીયતા પર સવાલો ઉભા કર્યા છે.

**૧. ૨૦૨૪: સૌથી મોટો વિવાદ અને સુપ્રીમ કોર્ટની દખલ**

વર્ષ ૨૦૨૪ની નીટ-યુજી પરીક્ષા અત્યંત વિવાદાસ્પદ રહી હતી:

**પુરાવા:** બિહારની આર્થિક ગુના શાખા (EOU) એ તપાસ દરમિયાન સળગેલી નકલોમાંથી ૬૮ પ્રશ્નો રિકવર કર્યા હતા, જે અસલી પ્રશ્નપત્ર સાથે સંપૂર્ણપણે મળતા આવતા હતા. પ્રશ્નોના ક્રમ પણ સમાન હતા.

**ગેરરીતિનું કેન્દ્ર:** તપાસમાં ઝારખંડના હજારીબાગની એક શાળાનું નામ ખુલ્યું હતું, જ્યાં પ્રશ્નપત્રનું પેકેટ નિયત પદ્ધતિથી અલગ રીતે ખોલવામાં આવ્યું હોવાનો દાવો થયો હતો.

**તપાસ:** આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો અને બાદમાં તપાસ CBI ને સોંપવામાં આવી હતી.

**૨. ૨૦૨૨: સોલ્વર ગેંગ વિરુદ્ધ FIR**

**૧૭ જુલાઈ ૨૦૨૨ના રોજ લેવાયેલી પરીક્ષામાં પણ CBI એ ગંભીર છેતરપિંડીનો પર્દાફાશ કર્યો હતો:**

**મોડસ ઓપરેન્ડી:** નકલી ઓળખપત્રો અને દસ્તાવેજો બનાવીને અસલી વિદ્યાર્થીઓની જગ્યાએ બીજા 'પ્રોક્સિ' ઉમેદવારો પરીક્ષા આપતા ઝડપાયા હતા.

**કાર્યવાહી:** દિલ્હી અને હરિયાણાના પરીક્ષા કેન્દ્રો પરથી આ નેટવર્ક પકડાયું હતું અને CBI એ અનેક શહેરોમાં દરોડા પાડી આરોપીઓની ધરપકડ કરી હતી.

**૩. ૨૦૨૧: પ્રોક્સિ કેન્ડિડેટ અને કોચિંગ સેન્ટરનું કૌભાંડ**

**૨૦૨૧માં પણ નીટ પરીક્ષામાં મોટાપાયે ગેરરીતિ સામે આવી હતી:**

**કૌભાંડ:** નાગપુરના એક કોચિંગ સેન્ટરે વિદ્યાર્થીઓના પરિવાર પાસેથી મોટી રકમ વસૂલીને તેમની જગ્યાએ બીજા હોંશિયાર ઉમેદવારોને બેસાડવાનું નેટવર્ક ચલાવ્યું હતું.

**નેટવર્ક:** દિલ્હી અને રાંચીના પરીક્ષા કેન્દ્રો સુધી આ ગેંગના તાર જોડાયેલા હતા. CBI એ આ મામલે અનેક લોકોની ધરપકડ કરી હતી.

**૪. ૨૦૧૮: પાસ કરાવવાની લાલચ અને ઉઘાડી લૂંટ**

**વર્ષ ૨૦૧૮માં દિલ્હીના વેસ્ટ પટેલ નગર સ્થિત એક એજ્યુકેશન સેન્ટર શંકાના દાયરામાં આવ્યું હતું:**

...અનુસંધાન પાના 8 પર

## વિદ્યાર્થીઓમાં રોષ: અનેક સ્થળે દેખાવો




» એકવાર લેવાઇ ગયેલી નીટ પરીક્ષા રદ જાહેર કરવામાં આવી તેનાથી ખાસ કરીને મેડિકલ પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વારંવારના પેપર લીકથી એનટીએ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે એવો સૂર સાંભળવા મળ્યો હતો. પેપર લીક અને તેને પગલે પરીક્ષા રદ થવાના વિરોધમાં દેશમાં અનેક સ્થળે એનએસયુઆઇ, એસએફઆઇ જેવા વિદ્યાર્થી સંગઠનોએ દેખાવો યોજ્યા હતા.

## પરીક્ષા થઇ ગઇ તેના ચાર દિવસ પછી ગેરરીતિની ખબર પડી

**પરીક્ષા** પહેલા એક guess paper ફરતું થયું હતું, તેમાંથી જ ઘણા પ્રશ્નો પૂછાયા છે

NTA એ કહ્યું હતું કે, "નેશનલ ટેસ્ટિંગ એજન્સી NEET (UG) 2026 ની આસપાસની કથિત અનિયમિતતાઓના સંદર્ભમાં રાજસ્થાન સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહીના અહેવાલોથી વાકેફ છે. 3 મે 2026 ના રોજની પરીક્ષા નિર્ધારિત કાર્યક્રમ મુજબ અને સંપૂર્ણ સુરક્ષા પ્રોટોકોલ હેઠળ લેવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા અનુસાર, કથિત ગેરરીતિ અંગેના ઈનપુટ્સ પરીક્ષાના ચાર દિવસ પછી 7 મેની સાંજે મળ્યા હતા અને 8 મેની સવારે સ્વતંત્ર ચકાસણી અને જરૂરી કાર્યવાહી માટે કેન્દ્રીય એજન્સીઓને મોકલવામાં આવ્યા હતા. રાજસ્થાન પોલીસના SOG ના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) વિશાલ બંસલે સોમવારે જણાવ્યું હતું કે તપાસ હાલમાં એક ગેસ પેપર(અટકળ પેપર) પર કેન્દ્રિત છે જે કથિત રીતે પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓમાં ફેલાવવામાં આવ્યું હતું. બંસલે જણાવ્યું હતું કે, NEET પરીક્ષાને લઈને ચાલી રહેલી વિવિધ ગેરસમજો અંગે, હું એક ચોક્કસ મુદ્દો સ્પષ્ટ કરું:

...અનુસંધાન પાના 8 પર

## પરીક્ષાના ૧૫ દિવસ પહેલા જ પેપર માર્કેટમાં ફરતું થયું; નાસિક પ્રેસના કર્મચારીની અટકાયત બાદ માસ્ટરમાઇન્ડની શોધ તેજ

હકીકતમાં, 3 મેની પરીક્ષાના લગભગ 15 દિવસ પહેલા જ પેપર ફરતું થઈ ગયું હતું, જે મેડિકલ ઉમેદવારોને રૂ.30,000 થી રૂ.28 લાખની વચ્ચે વેચવામાં આવ્યું હતું. નાગૌરના એક વિદ્યાર્થીએ, જે 3 મેની પરીક્ષાના ચાર દિવસ પહેલા સીકર આવ્યો હતો, તેણે પેપર માટે રૂ.28 લાખ ચૂકવ્યા હતા. પૂછપરછ દરમિયાન આ વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે તેને દિલ્હીથી ફોન

...અનુસંધાન પાના 8 પર

## પેપર લીક અંગે નાસિકમાંથી એકની ધરપકડ

**પકડાયેલ** શુભમ ખેરનારને સીબીઆઇને હવાલે કરાયો

**'મોક ટેસ્ટ'ના** નામે પેપર લીક? લાતુરના ક્લાસીસમાં ૪૨ સવાલો અગાઉથી જ આપી દેવાયા!

**નાસિક, તા. 12(PTI):** મહારાષ્ટ્રના નાસિકમાંથી સીબીઆઈ દ્વારા મંગળવારે સાંજે NEET પેપર લીક મામલે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દિવસની શરૂઆતમાં, રાજસ્થાન પોલીસની વિનંતી પર નાસિક પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ 2 દ્વારા નંદગાંવના રહેવાસી શુભમ ખેરનાર(30)ની અટકાયત કરવામાં આવી હતી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ કિરણકુમાર ચૌહાણે જણાવ્યું કે તેને શહેરના ઈન્દિરાનગર વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. બાદમાં આ કેસની તપાસ કરી રહેલ સીબીઆઈએ તેની કસ્ટડી લીધી હતી. દરમિયાન, કથિત પેપર લીકના તાર મધ્ય મહારાષ્ટ્રના લાતુર સુધી જોડાયેલા હોઈ શકે છે, જ્યાં પરીક્ષા આપનાર એક વિદ્યાર્થીના વાલીએ મંગળવારે પોલીસ અધિક્ષકની કચેરીમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, લાતુરની એક ખાનગી કોચિંગ સંસ્થાએ NEET (UG)-2026 પરીક્ષા પહેલા તેના

...અનુસંધાન પાના 8 પર

## નીટનું પેપર નાસિકના પ્રિન્ટિંગ પ્રેસમાંથી જ લીક થયાની આશંકા

**નાસિકથી** ગુરુગ્રામના એક ડોકટર પાસે પહોંચ્યુ, ડોકટર પાસેથી જયપુરના એક શખ્સે ખરીદ્યું

**ગેસ** પેપર તરીકે આ પેપર ફરતું કરાયું હતું, રાજસ્થાનના સીકરમાં સૌથી વધું ફેલાયું

**એક** વિદ્યાર્થીએ તો આ પેપરના રૂ. ૨૮ લાખ ચુકવ્યા!

**જયપુર, નવી દિલ્હી, તા. ૧૨:** તપાસકર્તાઓનું માનવું છે કે NEET-UG પેપર કદાચ નાસિકના પ્રિન્ટિંગ પ્રેસમાંથી સીધું લીક થયું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રિન્ટિંગ પ્રેસ સાથે સંકળાયેલી એક વ્યક્તિએ સંભવિતપણે પેપરને ચેઈન નેટવર્કમાં પસાર કર્યું હતું જેના દ્વારા તે હરિયાણાના ગુરુગ્રામમાં એક ડોક્ટર પાસે પહોંચ્યું હતું. ત્યારબાદ જયપુરના જામવા રામગઢના ખટીક નામના શખ્સે કથિત રીતે ડોક્ટર પાસેથી પેપર ખરીદ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે CBIએ નાસિક પ્રિન્ટિંગ પ્રેસ સાથે જોડાયેલા વ્યક્તિની અટકાયત કરી લીધી છે.

અહીંથી જ બાબતો રસપ્રદ બને છે. જામવા રામગઢથી પેપર કથિત રીતે સીકરમાં રાકેશ કુમાર માંડવરિયા નામના વ્યક્તિ સુધી પહોંચ્યું હતું. રાકેશ સીકરની મોટી કોચિંગ સંસ્થાઓ માટે MBBS કાઉન્સેલિંગ એજન્ટ તરીકે કામ કરે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે NEET પેપર દેશભરમાં વન-ટુ-વન નેટવર્ક દ્વારા વિતરિત કરવામાં આવ્યું હતું, જે દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, બિહાર, કેરળ અને ઉત્તરાખંડના કોચિંગ સેન્ટરો સુધી પહોંચ્યું હતું. સીકર, જે હવે રાજસ્થાનના નવા કોટા તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે, તે NEET પેપર લીક કેસની તપાસમાં હવે CBIનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે પેપર ગેસ પેપર(અંદાજિત પ્રશ્નપત્ર)

...અનુસંધાન પાના 8 પર

## રાષ્ટ્રીય સ્તરે જ્યારે પેપર લીકને કારણે પરીક્ષા રદ કરવી પડી

પેપર લીક અને ગેરરીતિઓની ઘટનાઓ માત્ર રાજ્ય સ્તરે જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાં પણ જોવા મળી છે. પારદર્શિતા જાળવવા માટે ઘણીવાર સુપ્રીમ કોર્ટ કે સરકારને પરીક્ષા રદ કરવાનો આકરો નિર્ણય લેવો પડ્યો છે.

**૧. AIPMT (૨૦૧૫): નીટની પુરોગામી પરીક્ષા**

અખિલ ભારતીય પ્રી-મેડિકલ ટેસ્ટ (AIPMT), જે હાલની NEET નું જૂનું સ્વરૂપ હતું, તેને વર્ષ ૨૦૧૫માં મોટો ઝટકો લાગ્યો હતો.

**ઘટના:** મોટા પાયે પેપર લીક અને હાઇટેક ચોરીના કિસ્સાઓ સામે આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે આખી પરીક્ષા રદ કરી હતી.

**પરિણામ:** લાખો વિદ્યાર્થીઓએ ફરીથી પરીક્ષા આપવી પડી હતી.

**૨. CBSE બોર્ડ પરીક્ષા (૨૦૧૮)**

બોર્ડની પરીક્ષાઓમાં પણ પેપર લીકની ઘટનાએ ખળભળાટ મચાવ્યો હતો.

**કઈ પરીક્ષાઓ રદ થઈ:** ધોરણ ૧૨નું અર્થશાસ્ત્ર અને ધોરણ ૧૦નું ગણિત.

**કારણ:** સોશિયલ મીડિયા પર પેપર વાયરલ થયા હોવાની પુષ્ટિ

...અનુસંધાન પાના 8 પર

તા. ૧૩-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૨.૨° સે. | ૨૮.૨° સે. | ૪૯% |

## રૂપિયો નવી સર્વકાલીન નીચી સપાટીએ ૯૫.૬૮ પર બંધ

**ઇન્ટ્રા**-ડેમાં ૯૫.૭૪ સુધી નીચે ગયો, છેવટે પાછલા બંધ ભાવથી ૪૦ પૈસા ઘટીને બંધ થયો

**અમેરિકા**-ઇરાન વચ્ચે વધેલા તનાવને કારણે ક્રૂડના વધેલા ભાવની પણ અસર

**મુંબઈ, તા. 12(PTI):** અમેરિકા અને ઈરાન વચ્ચે નવેસરથી વધેલા તણાવને કારણે વૈશ્વિક બજારોમાં જોખમ ટાળવાની વૃત્તિ વધતા, મંગળવારે ભારતીય રૂપિયો 40 પૈસા તૂટીને અમેરિકી ડોલર સામે 95.68ના નવા ઓલ-ટાઈમ લો સ્તરે બંધ થયો હતો. ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, બજારમાં એવી દહેશત પ્રવર્તી રહી છે કે 10 સપ્તાહ જૂનો આ સંઘર્ષ વૈશ્વિક પુરવઠાને વધુ પ્રભાવિત કરી શકે છે, ખાસ કરીને જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના શાંતિ પ્રસ્તાવના તાજેતરના જવાબને તદ્દન અસ્વીકાર્ય કહીને ફગાવી દીધો છે. વધુમાં, વડાપ્રધાન

...અનુસંધાન પાના 8 પર

### ૪ દિવસમાં રોકાણકારોના ૧૬.૭૭ લાખ કરોડ સ્વાહા!

નવી દિલ્હી, તા. 12 (PTI): છેલ્લા ચાર ટ્રેડિંગ સત્રોમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. 16.77 લાખ કરોડનો જંગી ઘટાડો થયો છે. ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને લાંબા સમય સુધી ભૌગોલિક રાજકીય સંકટ ચાલુ રહેવાના ડર વચ્ચે ગભરાયેલા બજારોમાં ભારે નુકસાન જોવા મળ્યું હતું. આ ઉપરાંત, વિદેશી ભંડોળની સતત વેચવાલી અને રૂપિયાના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચવાને કારણે રોકાણકારો જોખમ લેવાનું ટાળી રહ્યા છે, જેને લીધે નાણાકીય બજારોમાં વેચવાલી વધી છે. મંગળવારે, 30 શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ 1,456.04 પોઇન્ટ અથવા 1.92 ટકા ઘટીને 74,559.24 પર બંધ થયો હતો. છેલ્લા ચાર ટ્રેડિંગ સત્રોમાં બીએસઈ ઇન્ડેક્સ 3,399.28 પોઇન્ટ અથવા 4.36 ટકા તૂટ્યો છે. ચાર દિવસમાં બીએસઈ-લિસ્ટિડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 16.77 લાખ

...અનુસંધાન પાના 8 પર

## AIADMKમાં ભડકો: 30 ધારાસભ્યો વિજયના શરણે!

**પલાનીસ્વામી** સામે 'બળવો'

**વેલુમણી** અને શણમુગમની આગેવાનીમાં 30 ધારાસભ્યોએ વિજયની ટીવીકે સરકારને ટેકો જાહેર કર્યો

**કટ્ટર** હરીફ ડીએમકે સાથે સરકાર રચવાનો પ્રયાસ કરવા બદલ પક્ષના વડા પલાનીસ્વામીની ઝાટકણી કાઢી

ચેન્નાઈ, તા. ૧૨(પીટીઆઈ): તમિલનાડુનો વિરોધ પક્ષ AIADMK મંગળવારે વિભાજન તરફ આગળ વધતો જણાયો હતો. ધારાસભ્યોના એક જૂથે પક્ષના વડા એડપ્પાદી કે. પલાનીસ્વામી સામે બળવો કર્યો હતો અને તેમના પર કટ્ટર હરીફ DMK સાથે ગઠબંધન માંગવાનો આરોપ લગાવીને બુધવારે યોજાનારા ફ્લોર ટેસ્ટ પહેલા વિજયના નેતૃત્વવાળી સરકારને સમર્થન જાહેર કર્યું છે. વરિષ્ઠ નેતાઓ એસ.પી. વેલુમણી અને સી. વી. શણમુગમના નેતૃત્વમાં આશરે 30 ધારાસભ્યો બળવાખોર છાવણીમાં હોવાનું માનવામાં આવે છે, જેમણે 23 એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં પક્ષના પરાજય બાદ પલાનીસ્વામીના નેતૃત્વ પર સવાલ ઉઠાવ્યા છે. આ ચૂંટણીમાં પક્ષે લડેલી 164 બેઠકોમાંથી માત્ર 47 બેઠકો પર જ જીત મેળવી હતી. પત્રકારો સાથે વાત કરતા શણમુગમે જણાવ્યું હતું

...અનુસંધાન પાના 8 પર



### તમિલનાડુમાં દારૂની ૭૦૦ દુકાનો બંધ કરવા વિજયનો આદેશ

**ચેન્નાઈ, તા. 12(PTI):** રાજ્યની મહિલાઓને સ્પર્શી જાય તેવા એક મહત્વના નિર્ણયમાં, તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે મંગળવારે પૂજા સ્થાનોની નજીક આવેલી દુકાનો સહિત રાજ્ય સંચાલિત 717 રિટેલ દારૂના વેચાણ કેન્દ્રોને બંધ કરવાનો આદેશ આપ્યો છે. ડીએમકેએ આ પગલાને PR પહેલ ગણાવીને તેની મજાક ઉડાવી હતી, જ્યારે દારૂબંધીના પ્રબળ સમર્થક એવી પીએમકેએ વિજયની જાહેરાતને માત્ર આવકારી જ નથી, પરંતુ રાજ્યમાં ધીમે ધીમે સંપૂર્ણ દારૂબંધી લાગુ કરવાની પણ હિમાયત કરી છે. તદુપરાંત,

...અનુસંધાન પાના 8 પર

## ભારત પાસે બે મહિનાનો સ્ટોક: પણ ઓઇલ કંપનીઓની ખોટ રૂ. ૧ લાખ કરોડ સુધી જઇ શકે

**ઓઇલ કંપનીઓ ખોટ ખાઇને ક્યાં સુધી પેટ્રોલ, ડીઝલ, ગેસ વેચી શકશે? એવો પેટ્રોલિયમ મંત્રીનો સવાલ**

# પુરવઠો ફૂલ, પણ તિજોરી ગુલ

**જો કે** ઈંધણના ભાવ વધારવા અંગે હાલ કોઇ ફોડ પાડ્યો નહીં

**નવી દિલ્હી, તા. 12(પીટીઆઈ):** બે મહિનાના ઈંધણના સ્ટોક સાથે, વૈશ્વિક ઉર્જા પ્રવાહમાં વિક્ષેપ હોવા છતાં ભારતને પુરવઠાની કોઈ ચિંતા નથી, તેમ પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ મંગળવારે જણાવ્યું હતું. જો કે, તેમણે સાથે એવી ચેતવણી પણ આપી હતી કે જો ક્રૂડના ઊંચા ભાવ યથાવત રહેશે અને છૂટક ઈંધણના ભાવમાં ફેરફાર નહીં કરવામાં આવે, તો સરકારી તેલ કંપનીઓને એક જ ક્વાર્ટરમાં 1 લાખ કરોડ રૂપિયા જેટલું નુકસાન થઈ શકે છે. તેમણે કહ્યું કે, તેલ કંપનીઓ પડતર કિંમત કરતા ઓછા ભાવે પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ (LPG) વેચીને ક્યાં સુધી આ નુકસાન સહન કરી શકે છે, તેનું કોઈક તબક્કે મૂલ્યાંકન કરવાની જરૂર છે. જો કે, તેમણે ટૂંક સમયમાં ભાવ વધારો કરવામાં આવશે કે કેમ તે અંગે કોઈ અટકળ કરવાનો ઈનકાર કર્યો હતો. સીઆઈઆઈ (CII) ના વાર્ષિક બિઝનેસ સમિટમાં બોલતા મંત્રીએ કહ્યું, આપણી પાસે પુરવઠાની કોઈ સમસ્યા નથી. તેમણે ઉમેર્યું કે ભારત પાસે કટોકટીના સમયે ક્રૂડ ઓઈલ અને LPG નો પૂરતો જથ્થો હતો અને ત્યારથી ઘરેલું LPG ઉત્પાદન દરરોજ 36,000 ટનથી વધારીને 54,000 ટન કરવામાં આવ્યું છે. તે જ સમયે, મંત્રીએ સ્વીકાર્યું કે છૂટક ઈંધણના ભાવ સ્થિર રાખવાથી નાણાકીય દબાણ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, મારી તેલ કંપનીઓ દરરોજ 1,000 કરોડ રૂપિયા ગુમાવી રહી છે. કુલ અન્ડર-રિકવરી આશરે 1.98 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે અને એક ક્વાર્ટરમાં 1 લાખ કરોડ રૂપિયાનું નુકસાન આ ક્ષેત્રના વાર્ષિક નફાને સાફ કરી શકે છે.

## પાકિસ્તાને ઈરાનને તેના વિમાનો પાર્ક કરવા દીધા હતા

**પાકિસ્તાનને** મધ્યસ્થીપદેથી પડતું મૂકવા એક રિપબ્લિક સેનેટરની માગ

વોશિંગ્ટન, તા. ૧૨(PTI): અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહેલા પાકિસ્તાને, ઈરાની સૈન્ય વિમાનોને અમેરિકન હવાઈ હુમલાઓથી બચાવવા માટે પોતાના એરફિલ્ડ પર પાર્ક કરવાની મંજૂરી આપી છે, તેમ એક અમેરિકી મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. CBS ન્યૂઝના આ અહેવાલને પગલે રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે અમેરિકા-ઈરાન સંઘર્ષમાં મધ્યસ્થી તરીકે પાકિસ્તાનને પડતું મૂકવાની માંગ કરી છે. મંગળવારે ઈરાન સંઘર્ષ પર સેનેટ એપ્રોપ્રિયેશન્સ

...અનુસંધાન પાના 8 પર